પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૯૩ | ૧૩ જુન, ૨૦૧૭, મંગળવાર ; જયેષ્ઠ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### દુનિયાનો સૌથી ખતરનાક આતંકી માર્યો ગયો

વિશ્વનો સૌથી ખુંખાર આતંકવાદી અબુબક્ર અલ બગદાદીના મોતનો દાવો સિરિયાના મીડિયા દ્વારા કરાયો છે. જેના માટે ૨૫ મીલીયન ડોલરનું ઈનામ જાહેર કરાયુ છે. સિરિયા સ્ટેટ ટેલીવિઝને દાવો કર્યો છે કે હવાઈ હુમલામાં બગદાદી મૃત્યુ પામ્યો છે.

### ભારતીય મહિલા ક્રિકેટ ટીમ વર્લ્ડકપ રમવા ઈંગ્લેન્ડ રવાના

આઈસીસી મહિલા વર્લ્ડકપ



૨૪મીથી આરંભાઈ રહ્યો છે. જેમાં ભાગ લેવા ભારતીય ટીમ વેલ્સ જવા રવાના થઈ છે. ટીમના કેપ્ટન મિતાલી રાજે જણાવ્યુ હતુ કે અમે સેમીફાઈનલ સુધી તો પહોંચવાના છીએ.

### શિખરે તોડ્યો સચિનનો રેકોર્ડ

આફ્રિકા સામે ભવ્ય વિજય મેળવનાર ભારતીય ટીમના શિખર ધવન સફળ બેટ્સમેન સાબિત થયા છે. ૫૦ ઓવરની ટૂર્નામેન્ટમાં સૌથી ઝડપી ૧ હજાર રન પુરા કરનાર બેટ્સમેન બન્યા હતા. ૧૮ ઈનિંગમાં રેકોર્ડ કરનાર સચિન તેંડુલકરનો વિક્રમ તોડી શિખર ધવને ૧૬ ઈનિંગમાં ૧ હજાર રન પુર્ણ કર્યા છે.

# મેમાં રિટેલ ફુગાવો રેકોર્ડ નીચા સ્તરે

**મેમાં રિટેલ ફુગાવો ૨.૧૮ ટકાની ઓલટાઇમ નીચી સપાટીએ : શાકભાજી અને કઠોળની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો : મોનસુનની સારી સ્થિતિની આગાહીથી મોંઘવારી કાબૂમાં રહે તેવા સાફ સંકેત**



નવી દિલ્હી,તા. ૧૨

મે મહિનામાં રિટેલ મોંઘવારી રેકોર્ડ નિચી સપાટીએ પહોંચી જતાં સામાન્ય લોકોને મોટી રાહત મળવાની શક્યતા દેખાઈ રહી છે. મોંઘવારીમાં લોકોને રાહત મળી શકે છે. ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો નોંધાવવાના કારણે મે મહિનામાં રિટેલ ફુગાવો ૨.૧૮ ટકાના રેકોર્ડ નીચી સપાટી ઉપર પહોંચી ગયો છે. શાકભાજી અને કઠોળની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જો કે, ફળફળાદીના ભાવમાં આંશિક વધારો થયો છે. વસ્ત્રો, આવાસ, ફયુઅલ અને લાઈટના ફુગાવામાં ઘટાડો થયો છે. રિટેલ ફુગાવો મે મહિનામાં ૨.૧૮ ટકાની ઓલટાઈમ નીચી સપાટીએ પહોંચી ગયો છે. સીપીઆઈ આધારિત રિટેલ ફુગાવો એપ્રિલ ૨૦૧૭માં ૨.૯૯ અને મે ૨૦૧૬માં ૫.૭૬ ટકા હતો. એકંદરે ખાદ્યાન્ન ફુગાવો નેગેટિવ ઝોનમાં માઈનસ ૧.૦૫ ટકા રહ્યો છે. શાકભાજીના ભાવમાં ૧૩.૪૪ ટકા સુધીનો રેકોર્ડ ઘટાડો થયો છે. આવી જ રીતે કઠોળ અને પ્રોડક્ટની કિંમતમાં ૧૯.૪૫ ટકાનો ઘટાડો થયો છે. આ મહિનાની શરૂઆતમાં જ રિઝર્વ બેંકે રેપોરેટ અને અન્ય ચાવીરુપ રેટ યથાવત રાખ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## નીટના પરિણામ જાહેર કરવા સુપ્રીમ કોર્ટનો આખરે હુકમ

**૧૨ લાખ જેટલા વિદ્યાર્થીઓને મોટી રાહત : મદ્રાસ હાઈકોર્ટના સ્ટેને પડકાર ફેંકીને સીબીએસઈ દ્વારા સુપ્રીમમાં અરજી કરાયા બાદ આદેશ આપવામાં આવ્યો**



નવીદિલ્હી, તા. ૧૨

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે નેશનલ ઈલિજીબીલીટી એન્ડ એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ) ૨૦૧૭ના પરિણામ ઉપર મુકવામાં આવેલા પ્રતિબંધને ઉઠાવી લીધો હતો. સાથે સાથે નીટના પરિણામ જાહેર કરવાનો આદેશ કર્યો હતો. સુપ્રીમના આદેશ બાદ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન બે સપ્તાહની અંદર જ પરિણામ જાહેર કરશે. કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના એવા વચગાળાના આદેશને રદ કરી દીધો છે જેમાં નીટ ૨૦૧૭ના પરિણામ ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો હતો અને સાથે સાથે સુપ્રીમ કોર્ટે ૨૬મી જૂન પહેલા નીટના પરિણામ જાહેર કરવાની સૂચના આપી છે. સુપ્રીમના આદેશ બાદ એમ માનવામાં આવે છે કે, નીટના પરિણામ ટૂંક સમયમાં જ જાહેર કરાશે. કોર્ટે સંબંધિત અધિકારીઓને આદેશ કર્યા છે કે તે પહેલાથી જ નક્કી કરવામાં આવેલા કાર્યક્રમના આધાર પર પરીક્ષાના પરિણામ જાહેર કરે. સાથે સાથે એડમિશનની પ્રક્રિયાને

● અનુસંધાન પાન-૭ પર

## કૃષિ લોન માફીનો બોજ રાજ્યોને ઉપાડવો પડશે : જેટલી

**ખેડૂતોમાં નારાજગી વચ્ચે જેટલીનું ચર્ચાસ્પદ નિવેદન : રાજ્યોને પોતાની રીતે જ બોજ ઉપાડવો પડશે : રાજ્યોની નાણાંકીય બાબતોમાં કેન્દ્ર સરકાર ભાગીદાર બનશે નહીં**



નવી દિલ્હી,તા. ૧૨

નાણામંત્રી અરુણ જેટલીએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, કૃષિ લોન માફીને લઈને રાજ્યોને જ પોતાની જવાબદારી ઉપાડવી પડશે. કૃષિ લોન માફીના સંદર્ભમાં પોતાના ખજાનામાંથી સંશાધનો ઉભા કરવા પડશે. કેન્દ્ર સરકાર રાજયની નાણાંકીય બાબતોમાં ભાગ લેશે નહીં. ખેડૂતોની લોન માફીના મામલામાં રાજ્યોની નાણાંકીય બાબતોમાં કેન્દ્ર સરકાર પડશે નહીં. જેટલીએ સ્પષ્ટતા કરી હતી કે, ખર્ચ રાજ્યને પોતાની રીતે જ ઉપાડવો પડશે. કેન્દ્ર સરકાર આમાં કોઈરીતે આવશે નહીં. મહારાષ્ટ્ર સરકાર દ્વારા ગઈકાલે જાહેર કરવામાં આવેલી કૃષિ લોન માફીના સંદર્ભમાં કેન્દ્ર સરકારના આ નિવેદનને ખુબ જ મહત્વપૂર્ણ ગમવામાં આવે છે. દેશના જુદા જુદા ભાગોમાં ખેડૂતો હિંસક આંદોલન ઉપર ઉતરેલા છે. થોડાક દિવસ પહેલા જ મધ્યપ્રદેશમાં ખેડૂતોએ હિંસક આંદોલન કર્યું હતું. મંદસોરમાં પોલીસ ગોળીબારમાં પાંચ ખેડૂતોના મોત થયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## મોદી-ટ્રમ્પ વચ્ચે ૨૫-૨૬ જુને મહત્વની બેઠક

નવી દિલ્હી,તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ૨૫-૨૬મી જુનના દિવસે બેઠક થનાર છે. આ વાતચીત પર વિશ્વના દેશોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. કારણ કે હાલમાં અમેરિકા સાથે કેટલાક મુદ્દાને લઈને ભારતના મતભેદ સર્જાઇ ગયા છે. નવા સમીકરણના સંકેત પણ દેખાઈ રહ્યા છે. વ્હાઈટ હાઉસ દ્વારા વાતચીતને લઈને તૈયારી પણ શરૂ કરવામાં આવી છે. મોદીની યાત્રા માટે અને બેઠક માટેની તારીખ હવે જાહેર કરવામાં આવનાર છે. પેરિસ ક્લાઈમેટ ચેન્જમાંથી નિકળી જવાની જાહેરાત કરતી વેળા ટ્રમ્પે ભારત સામે પ્રહારો કર્યા હતા. જેના કારણે દ્વિપક્ષીય સંબંધો આડે તકલીફ થઈ હતી. ભારત તરફથી પણ આને લઈને વાંધો ઉઠાવાયો હતો. ટ્રમ્પે ક્લાઈમેટ સમજુતીથી નિકળી જતી વેળા ભારત અને ચીન પર પ્રહારો કર્યા હતા. મોદીની યાત્રાને ધ્યાનમાં લઈને ભારતના અમેરિકામાં રહેલા અધિકારી પણ તૈયારીમાં લાગેલા છે. મોદી ભારતીય સમુદાયના લોકો સાથે પણ વાતચીત કરનાર છે. ત્રાસવાદને ભડકાવવામાં પાકિસ્તાનની ભૂમિકા અંગે મોદી મુદ્દો ઉઠાવે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

સ્મરણાંજલિ



સ્વ. સિદ્ધાર્થભાઈ ઝવેરી

जातस्य हि ध्रुवो मृत्यु - र्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥
२-२७ भगवद गीता

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે. તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.
૨-૨૭ ભગવદ ગીતા

આપના દિવ્ય આત્માને શત્ શત્ પ્રણામ

હેતલ ઝવેરી - કિન્નર ઝવેરી
જ્યોત્સનાબેન ઝવેરી
કથન - કવન

